# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશામાં 60 હજાર કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે

2) વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું છે કે બહુપક્ષવાદના દબાણના સમયમાં બ્રિક્સ તર્ક અને રચનાત્મક પરિવર્તનનો મજબૂત અવાજ છે

3) NIAએ હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી તારિક અહમદ મીરની સ્થાવર મિલકતો જપ્ત કરી

4) પોસ્ટ વિભાગે અંતર્દેશીય સ્પીડ પોસ્ટ અંતર્ગત દસ્તાવેજ ફીમાં સુધારો કર્યો

5) ૧૨મી વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો આજથી નવી દિલ્હી ખાતે આરંભ થશે.

6) એશિયા કપ T20 ક્રિકેટ ટુર્નામેન્ટની આવતીકાલે ફાઇનલમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાના ઝારસુગુડામાં 60 હજાર કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સ ટેલિકોમ્યુનિકેશન, રેલ્વે, ઉચ્ચ શિક્ષણ, આરોગ્યસંભાળ, કૌશલ્ય વિકાસ અને ગ્રામીણ આવાસ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લે છે. આ પ્રસંગે શ્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી આશરે 11 હજાર કરોડના રોકાણ સાથે તિરુપતિ, પલક્કડ, ભિલાઈ, જમ્મુ, ધારવાડ, જોધપુર, પટના અને ઇન્દોરમાં આઠ ભારતીય ટેકનોલોજી સંસ્થાઓના વિસ્તરણ માટે શિલાન્યાસ કરશે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

(BYTE: AALOK)

પ્રધાનમંત્રી બહેરામપુરમાં એમ.કે.સી.જી. મેડિકલ કોલેજ અને સંબલપુરમાં વી.આઈ.એમ.એસ.એ.આર.ને વિશ્વ કક્ષાની સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અપગ્રેડ કરવા માટે શિલાન્યાસ કરશે. વધુમાં, શ્રી મોદી અંત્યોદય આવાસ યોજના હેઠળ 50 હજાર લાભાર્થીઓને મંજૂરીપત્રોનું વિતરણ કરશે. આ યોજના અપંગ વ્યક્તિઓ, ગંગા સ્વરૂપા મહિલાઓ, ગંભીર બીમારીઓથી પીડાતા લોકો અને કુદરતી આફતોના ભોગ બનેલા લોકો સહિત સંવેદનશીલ ગ્રામીણ પરિવારોને કાયમી ઘરો અને નાણાકીય સહાય પૂરી પાડે છે.

# REV JAISHANKAR-BRICS-IBSA

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે, બહુપક્ષવાદના દબાણના સમયમાં બ્રિક્સ તર્ક અને રચનાત્મક પરિવર્તનનો મજબૂત અવાજ છે. ડૉ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્ર દરમિયાન ન્યૂયોર્કમાં બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં આ વાત કરી હતી. વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે આ અશાંત વિશ્વમાં બ્રિક્સએ શાંતિ નિર્માણ, સંવાદ, રાજદ્વારી અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવાના તેના સંદેશને મજબૂત બનાવવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે બ્રિક્સએ સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય અંગો, ખાસ કરીને UN સુરક્ષા પરિષદમાં વ્યાપક સુધારા માટેના સામૂહિક આહ્વાનને વધુ મજબૂત બનાવવું જોઈએ.

વેપાર પ્રવાહ અંગે વધતા સંરક્ષણવાદ, ટેરિફ અસ્થિરતા અને બિન-ટેરિફ અવરોધોની અસર પર ભાર મૂકતા ડૉ. જયશંકરે કહ્યું, બ્રિક્સએ બહુપક્ષીય વેપાર પ્રણાલીનું રક્ષણ કરવું જોઈએ. ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ટેકનોલોજી અને નવીનતા બ્રિક્સ સહયોગના આગામી તબક્કાને વ્યાખ્યાયિત કરશે.

બાદમાં ડૉ. જયશંકરે ભારત-બ્રાઝિલ-દક્ષિણ આફ્રિકા-IBSA સંવાદ મંચની મંત્રીસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં, IBSA એ UN સુરક્ષા પરિષદમાં પરિવર્તનશીલ સુધારા માટે ભારપૂર્વક હાકલ કરવામાં આવી હતી.

અગાઉ ડૉ. જયશંકરે કોલંબિયાના વિદેશ મંત્રી રોઝા યોલાન્ડા વિલાવિસેન્સિઓ સાથે ભારત લેટિન અમેરિકન એન્ડ કેરેબિયન દેશો (CELAC)ની બેઠકનું સહ-અધ્યક્ષતાપદ પણ સંભાળ્યું હતું. કૃષિ, વેપાર, આરોગ્ય, ડિજિટલ ટેકનોલોજી, માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં હાલના વ્યાપક સહયોગને મજબૂત બનાવવા પર સંમતિ સધાઈ હતી. ડૉ. જયશંકરે

સંયુક્ત આરબ અમીરાત, રશિયા, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રિયા, ક્યુબા, રોમાનિયા અને સિએરા લિયોનના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી.

# PREZ-JUDGES APPOINTMENTS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અલ્હાબાદ વડી અદાલતમાં 24 ન્યાયાધીશોની નિમણૂક કરી છે. જેમાં વરિષ્ઠ વકીલો વિવેક સરન, ગરિમા પ્રસાદ અને સુધાંશુ ચૌહાણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, હિમાચલ પ્રદેશ વડી અદાલતમાં બે ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે કર્ણાટક વડી અદાલતમાં એક કાયમી ન્યાયાધીશ અને ત્રણ વધારાના ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકો મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કર્યા પછી કરવામાં આવી હતી.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને

માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# GST PORBANDAR MANDAVIYA

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ગુજરાતના પોરબંદર શહેરમાં સ્થાનિક વ્યાપારીઓને સ્વદેશીના ઉપયોગ માટે પ્રોત્સાહન આપ્યુ. કેન્દ્રીય મંત્રીએ શહેરના સુતારવાડા વિસ્તારમાં મુલાકાત લઈ સ્થાનિક વ્યવસાયો અને વેપારીઓ સાથે સીધી મુલાકાત કરી હતી.

આ દરમિયાન તેમણે વ્યાપારીઓને સ્વદેશી ઉત્પાદનોનું પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોને સ્થાનિક અને આત્મનિર્ભર ઉત્પાદનો તરફ દોરી જાય તેવી કામગીરી કરવા દેશી ઢોલ અને શરણાઈના સૂરે અપીલ કરી હતી. કેન્દ્રીય મંત્રીએ પોતાના હસ્તે “ગર્વ સે સ્વદેશી” અને જીએસટી રિફોર્મ-૨૦૨૫ સંબંધિત પોસ્ટર લગાવી, જે દ્વારા સ્થાનિકોને સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે જાગૃત કર્યા હતા.

# NIA-HIZBUL

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIA એ હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી તારિક અહમદ મીરની સ્થાવર મિલકતો જપ્ત કરી છે. તેના પર કાશ્મીર ખીણમાં

**આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આતંકવાદીઓને શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડવાનો આરોપ છે. એજન્સીએ આ વર્ષે એપ્રિલમાં જમ્મુ સ્થિત NIA ની વિશેષ અદાલતના આદેશ પર તારિકની ધરપકડ કરી હતી. તેની સામે ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે.**

**NIA એ જણાવ્યું હતું કે મિલકતો જપ્તી દેશની શાંતિ, સ્થિરતા અને સુમેળને ખલેલ પહોંચાડવાના ઉદ્દેશ્યથી કાશ્મીરમાં કાર્યરત આતંકવાદી નેટવર્ક્સ સામે એજન્સીની ચાલુ કાર્યવાહીનો એક ભાગ છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# POST-TARIFF

**પોસ્ટ વિભાગે અંતર્દેશીય સ્પીડ પોસ્ટ અંતર્ગત દસ્તાવેજ ફીમાં સુધારો કર્યો છે. વિશ્વસનીયતા, સુરક્ષા અને ગ્રાહકોની સુવિધા વધારવા માટે નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે.**

સંચાર મંત્રાલયે જણાવ્યું હતું કે સુધારેલી ફી પહેલી ઓક્ટોબરથી અમલમાં આવશે. સ્થાનિક વિસ્તારોમાં સ્પીડ પોસ્ટ માટે 50 ગ્રામ સુધીના વજનની વસ્તુઓ માટે નવી ફી 19 રૂપિયા હશે. 50 ગ્રામથી 250 ગ્રામ સુધીની વસ્તુઓ માટે 24 અને 250 થી 500 ગ્રામ સુધીની વસ્તુઓ માટે 28 રૂપિયા હશે.

વધુમાં 50 ગ્રામ સુધીના વજનની વસ્તુઓ માટે 200 થી બે હજાર કિલોમીટર સુધી વસ્તુઓ માટે 47 રૂપિયા ફી વસૂલવામાં આવશે. 50 ગ્રામથી 250 ગ્રામ સુધીના વજનની વસ્તુઓ માટે 200 કિલોમીટરની અંદરની વસ્તુઓ માટે લઘુત્તમ ફી 59 અને બે હજાર કિલોમીટરથી વધુની વસ્તુઓ માટે 77 રૂપિયા હશે. અંતરના આધારે સ્પીડ પોસ્ટ ફીમાં પણ સુધારો કરાયો છે, જે 70 રૂપિયા થી 93 રૂપિયા સુધીનો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે સ્પીડ પોસ્ટ વસ્તુઓ પર પણ GST લાગુ થશે. વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ સેવાઓની ઍક્સેસ વધારવા માટે સ્પીડ પોસ્ટ ફી પર 10% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ઉપરાંત, નવા બલ્ક ગ્રાહકોને પાંચ ટકાનું ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

અંતર્દેશીય સ્પીડ પોસ્ટ ચાર્જ છેલ્લે ઓક્ટોબર 2012 માં સુધારવામાં આવ્યા હતા. મંત્રાલયે જણાવ્યું હતું કે સ્પીડ પોસ્ટ માટે શરૂ કરાયેલી નવી સુવિધાઓમાં OTP-આધારિત સુરક્ષિત ડિલિવરી, ઓનલાઈન ચુકવણી સુવિધા, SMS-આધારિત ડિલિવરી સૂચનાઓ અને રીઅલ-ટાઇમ ડિલિવરી અપડેટ્સનો સમાવેશ થાય છે.

# WORLD-PARA ATHLETICS

12મી વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો આજથી નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે આરંભ થશે. નવ દિવસની આ સ્પર્ધામાં કુલ 186 ચંદ્રક સ્પર્ધાઓ હશે, જેમાં પુરુષો માટે 101, મહિલાઓ માટે 84 અને એક

મિશ્ર સ્પર્ધાનો સમાવેશ થશે, જેમાં સ્પ્રિન્ટ્સથી લઈને એન્ડ્યુરન્સ રેસનો સમાવેશ થાય છે. આ ચેમ્પિયનશિપ આવતા મહિનાની પાંચમી તારીખે સમાપ્ત થશે.

# CRICKET

એશિયા કપ T20 ક્રિકેટ ટુર્નામેન્ટની આવતીકાલે ફાઇનલમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.

દરમ્યાન ગઇકાલે સુપર ફોર તબક્કાની અંતિમ મેચમાં ભારતે શ્રીલંકાને હરાવ્યું. ભારત બાંગ્લાદેશને હરાવીને ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી ગયું હતું. ગઈકાલે દુબઈમાં ટાઈ થયા બાદ ભારતે સુપર ઓવરમાં શ્રીલંકાને હરાવ્યું.

પહેલા બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 202 રન બનાવ્યા. અભિષેક શર્માએ 61 રન બનાવ્યા. 203 રનના લક્ષ્યાંકના જવાબમાં, શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 202 રન બનાવી મેચ ટાઇ કરી. પથુમ નિસાન્કાએ સદી ફટકારી હતી.

સુપર ઓવરમાં ભારતના અર્શદીપ સિંહે બે વિકેટ ઝડપી હતી. જવાબમાં, ભારતે પ્રથમ બોલ પર ત્રણ રન બનાવીને મેચ જીતી લીધી.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોએ અમેરિકા દ્વારા દવાઓ ઉપર લદાયેલા સો ટકા ટેરીફ અંગેના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે બ્રાન્ડેડ અને પેટન્ટેડ દવાઓ ઉપર સો ટકા ટેરીફ લાદી
- ફુલછાબ લખે છે - નવો ટ્રમ્પ બ્લાસ્ટ: દવા ઉપર સો ટકા ટેરીફ
- આ ઉપરાંત વિવિધ અખબારોમાં લદ્દાખમાં સોનમ વાંગચુકની ધરપકડ અને મિગ 21 ની છેલ્લી ઉડાન સહિતના સમાચાર પહેલા પાને જોવા મળી રહ્યા છે.